# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર
# વલ્લભ વિદ્યાલય, બોચાસણ ૩૮૮૧૪૦
# તા.બોરસદ જિ.આણંદ

## પ્રવૃતિ – દર્પણ

અંક : ૧૮ સપ્ટેમ્બર - ૨૦૨૦

૧. અનલૉક – ૪ તા.૦૧/૦૯/૨૦૨૦ મંગળવારથી ૩૦/૦૯/૨૦૨૦ બુધવાર.

૨. કુમાર છાત્રાલય, વલ્લભ વિદ્યાલય, બોચાસણના રસોયા કાર્યકરનું અવસાન થતાં, પ્રાર્થના સભા (શ્રદ્ધાંજલિ સભા) તા. ૦૨/૦૯/૨૦૨૦ મંગળવાર

૩.મા. માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) સાથે ઓનલાઇન સંવાદ તા.૦૨/૦૯/૨૦૨૦, બુધવાર.

૪. સ્વ. શરદભાઈ ધુળાભાઈ પરમારને ફાળો એકત્ર કરીને આપ્યો. તા.૦૩/૦૯/૨૦૨૦ ગુરૂવાર.

૫. શિક્ષક દિન નીમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી ઓન લાઈન કાર્યક્રમ. તા.૦૫/૦૯/૨૦૨૦ શનિવાર.

૬. ઇક્કડ નો પાક (લીલા પડવાસ માટેનો) ડીસ્ક પ્લાઉથી જમીનમાં દબાવી દીધો. તા.૦૧/૦૯/૨૦૨૦ મંગળવારથી તા.૦૫/૦૯/૨૦૨૦ શનિવાર.

૭. વૃક્ષારોપણ તા.૧૫/૦૯/૨૦૨૦ મંગળવાર.

૮. “ અન્ન સ્વાવલંબન અને અન્ન સુરક્ષા ” વેબિનાર તા.૧૯/૦૯/૨૦૨૦ શનિવાર.

૯. “ આત્મનિર્ભર ભારત “ એક ગાંધીવાદી દ્રષ્ટિકોણ. વિષય ઉપર વેબિનાર . તા.૨૮/૦૯/૨૦૨૦ સોમવાર તથા તા.૨૯/૦૯/૨૦૨૦ મંગળવાર

૧૦.સપ્ટેમ્બર માસનાં સ્વાવલંબન નાં કાર્યો. તા.૦૧/૦૯/૨૦૨૦ મંગળવારથી તા.૩૦/૦૯/૨૦૨૦ બુધવાર.

### -: વલ્લભ વિદ્યાલય – પુસ્તક પ્રકાશન :-

-: ગ્રામસેવા કેન્દ્રમાં થયેલી શિક્ષણના પ્રયોગના આધારે :-

નઇ તાલીમ એટલે ઉદ્યોગનું શિક્ષણ નહીં પણ ઉદ્યોગ દ્વારા શિક્ષણ. માત્ર ઉદ્યોગ જ નહિં , શાળાની વિવિધ પ્રવૃત્તિયો પણ સમવાયી શિક્ષણની અનેક તકો પૂરી પાડે છે. આમ સહજ રીતે થતા અનુબંધ દ્વારા મેળવેલું જ્ઞાન સુધઢ બને છે , વિવિધ કૌશલ્યો કેળવાય છે , બાળકોમાં ભાવનાઓનું સિંચન થાય છે. આમ જીવનની વિવિધ પ્રવૃત્તિયો કરતાં કરતાં બાળકોનો સર્વાંગી વિકાસ થતો જાય છે. પૂ. શિવાભાઇએ લખેલ પુસ્તક “ જીવન દ્વારા શિક્ષણ “ માં જીવનમાં કરવનાં અનેક કાર્યો દ્વારા થતું શિક્ષણ કેવું હોય , તેની પ્રવૃત્તિયો કેવી હોય તેની વિગતો આપવામાં આવી છે.

વલ્લભ વિદ્યાલય, બોચાસણમાં શિક્ષણના જે પ્રયોગો થયા છે પુસ્તક રૂપે બહાર પડ્યા છે. નીચેનાં પુસ્તકો પ્રગટ થયાં છે.

1. બાપુની આશ્રમી કેળવણી
2. જીવન દ્વારા શિક્ષણ
3. પાયાની કેળવણીનો પ્રયોગ
4. શિક્ષણના મારા અનુભવો
5. સમૂહજીવન અને છાત્રાલય
6. જીવન ઘડતર
7. બાલવાડીના પ્રયોગો
8. કાંતણવિદ્યા
9. વણાટ વિદ્યા
10. ગામડાની સ્વચ્છતા
11. મારું જીવન ઘડતર
12. આચાર્ય શિવાભાઇ
13. શિક્ષણ અને સંસ્કૃતિ
14. ગ્રામ રચના
15. પર્વ મહિમા
16. અડધી સદીની આરાધના
17. વલ્લભ વિદ્યાલય, બોચાસણ

“ સંકલન “

સંકલન
૧.શ્રી ઉદેસિંહ સોલંકી
૨.શ્રી કિશોરભાઇ રાવલ ૩.શ્રી સુનિલકુમાર જાદવ
૪.શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી ૫.શ્રી રાવજીભાઇ પરમાર

ટાઇપ અને લે-આઉટ
શ્રી સાજીદભાઇ વહોરા

આ માસિક પત્રિકા ફક્ત શૈક્ષણિક હેતુ અને માર્ગદર્શન માટે છે

1. અનલૉક – ૪ તા.૦૧/૦૯/૨૦૨૦ મંગળવારથી ૩૦/૦૯/૨૦૨૦ બુધવાર.

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. ૩૮૦૦૧૪ ના માર્ગદર્શન પ્રમાણે સપ્ટેમ્બર માસમાં અનિવાર્ય કાર્યો ચાલુ રાખવામાં આવ્યાં.

૧. ઓનલાઇન શિક્ષણ કાર્ય ચાલુ છે.
કુમારમંદિર ( ધો. ૬,૭,૮), વિનયમંદિર ( ધો. ૯,૧૦)
ઉચ્ચતર વિનયમંદિર (ધો. ૧૧,૧૨), અધ્યાપનમંદિર ( પ્રથમવર્ષ, બીજુવર્ષ )
૨. ગંગાબા ગૌશાળાનાં જરૂરી બધાંજ કામો ચાલુ છે.
૩. વિનયમંદિર ઉદ્યોગમાં જરૂરી કામો કરવાનું ચાલુ છે.
૪. પરિસરમાં ધાંસ ઊભી નીકળ્યું હતુ તે દૂર કર્યું છે.
૫. કોરોના મહામારી સામે પ્રતિકાર કરવાની કામગીરી ચાલુ છે.
૬. શતાબ્દી વન અને શતાબ્દી વૃક્ષની માવજત ચાલુ છે.

2. કુમાર છાત્રાલય, વલ્લભ વિદ્યાલય, બોચાસણના રસોયા કાર્યકરનું અવસાન થતાં, પ્રાર્થના સભા (શ્રદ્ધાંજલિ સભા) તા. ૦૨/૦૯/૨૦૨૦ મંગળવાર.

કુમાર છાત્રાલયના રસોયા કાર્યકર શ્રી શરદભાઈ ધુળાભાઈ પરમારનું હૃદય રોગથી તા.૨૬/૦૮/૨૦૨૦ બુધવારના રોજ અવસાન થયું હતું. તેમની પ્રાર્થના સભા (શ્રદ્ધાંજલિ સભા) તા.૦૨/૦૯/૨૦૨૦ને બુધવારે સવારે ૯-૩૦ વાગે રાખવામાં આવી.



3. મા. માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) સાથે ઓનલાઇન સંવાદ. તા.૦૨/૦૯/૨૦૨૦ને બુધવાર.

માં. માનદ્ નિયામકશ્રી (વિસ્તરણ) સાથે ૦૨/૦૯/૨૦૨૦ને બુધવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે સંવાદ કાર્યક્રમ રાખવામાં આવ્યો. તેમાં ગ્રામસેવા કેન્દ્રોના સંયોજકો તથા આચાર્યો સામેલ થયા. તેમાં નીચેની બાબતો પર માર્ગદર્શન રાખવામાં આવ્યું.

૧. સંવાદ કાર્યક્રમની શરૂઆતમાં મૌન પ્રાર્થના રાખવામાં આવી. સ્વ. શરદભાઈ ધુળાભાઈ પરમારને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.
૨. ઓન લાઇન શિક્ષણને વિગતોની બધા આચાર્યોએ રજુઆત કરી.
૩. ખેતીની હાલની સ્થિતિને માહિતી આપવામાં આવી.
૪. કોરોના મહામારી માટે સાવચેતી તથા વ્યવસ્થા.

4. સ્વ. શરદભાઈ ધુળાભાઈ પરમારને ફાળો એકત્ર કરીને આપ્યો. તા.૦૩/૦૯/૨૦૨૦ ગુરૂવાર.

સ્વ. શરદભાઈ ધુળાભાઈ પરમારના કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોવાથી ગ્રામસેવા કેન્દ્રના સેવકોએ ૧૨૨૬૦/- રૂ. ફાળો એકત્ર કરી, તેમના કુટુંબને અર્પણ કર્યો.

5. શિક્ષક દિન નીમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી ઓન લાઈન કાર્યક્રમ. તા.૦૫/૦૯/૨૦૨૦ શનિવાર.

સ્વ. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ ના જન્મદિનને શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. કોરોના મહામારીના લીધે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ તરફથી ઓન લાઈન કાર્યક્રમ તા.૦૫/૦૯/૨૦૨૦ને શનિવારના રોજ સવારે ૧૦-૦૦ કલાકે રાખવામાં આવ્યો.

પ્રસ્તાવિક – ડૉ. ભરતભાઈ જોશી
પ્રવચન - આ. કુલપતિજી
આ. કુલનાયકશ્રી
આ. સુદર્શનભાઈ આયંગાર
આ. મંદાબેન પરીખ.
આ. રાજેન્દ્રભાઈ ખીમાણી.

6. ઇક્કડ નો પાક (લીલા પડવાસ માટેનો) ડીસ્ક પ્લાઉથી જમીનમાં દબાવી દીધો. તા.૦૧/૦૯/૨૦૨૦ મંગળવારથી તા.૦૫/૦૯/૨૦૨૦ શનિવાર.

વિનયમંદિર ઉધોગ તથા ગંગાબા ગૌશાળામાં લીલા પડવાસ માટે ઇક્કડનો પાક કર્યો હતો. વરાપ થતાં ડીસ્ક પ્લાઉથી તે જમીનમાં દબાવી દીધો. જમીનમાં દબાવ્યા પછી વરસાદ ઓછો પડ્યો છે તેથી તેનો સંપૂર્ણ કહોવાય જતાં સમય લાગશે.





7. વૃક્ષારોપણ તા.૧૫/૦૯/૨૦૨૦ મંગળવાર.

ગ્રામસેવા કેન્દ્રના બધા સેવકો દ્વારા તા.૧૫/૦૯/૨૦૨૦ને મંગળવારના રોજ વૃક્ષો રોપવામાં આવ્યા. વૃક્ષોની માવજત થતી રહે, તે માટે સૂચના આપવામાં આવી.







8. " અન્ન સ્વાવલંબન અને અન્ન સુરક્ષા " વેબિનાર તા.૧૯/૦૯/૨૦૨૦ શનિવાર.

" અન્ન સ્વાવલંબન અને અન્ન સુરક્ષા " વેબિનાર તા.૧૯/૦૯/૨૦૨૦ને શનિવારે સવારે ૧૦-૦૦ કલાકે રાખવામાં આવ્યો. તેમાં નીચેના મહાનુભાવોએ માર્ગદર્શન આપ્યું.

માર્ગદર્શક મહાનુભાવો

1. આ શ્રી રાજેન્દ્રભાઇ ખીમાણી
2. આ શ્રી અનામિકભાઇ શાહ
3. આ શ્રી સુદર્શનભાઇ આયંગાર
4. આ શ્રી કપિલભાઇ શાહ

મા.શ્રી નિમિષાબહેને વેબિનારનું સંચાલન કર્યું. વેબિનારમાં સામેલ થયેલ કાર્યકરોએ પોતાના અભિપ્રાયો જણાવ્યું.

ગ્રામસેવા કેન્દ્ર – બોચાસણ તરફથી " અન્ન સ્વાવલંબન અને અન્ન સુરક્ષા " અંગે પ્રશ્નાવલિ તૈયાર કરીને ગૂજરાત વિદ્યાપીઠને આપવામાં આવી.

9. " આત્મનિર્ભર ભારત " એક ગાંધીવાદી દ્રષ્ટિકોણ વિષય ઉપર વેબિનાર. તા.૨૮/૦૯/૨૦૨૦ સોમાવાર તથા તા.૨૯/૦૯/૨૦૨૦ મંગળવાર.

" આત્મનિર્ભર ભારત " એક ગાંધીવાદી દ્રષ્ટિકોણ વિષય ઉપર ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદ અને રામલાલ આનંદ કૉલેજ , નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે એક વેબિનાર તા.૨૮/૦૯/૨૦૨૦ને સોમવાર તથા તા.૨૯/૦૯/૨૦૨૦ને મંગળવારના રોજ યોજવામાં આવ્યો. ગ્રામસેવા કેન્દ્રના સેવકો તેમાં સામેલ થયા.

તા. ૨૮/૦૯/૨૦૨૦ સોમવાર

| | |
|---|---|
| ૧૦-૩૦ થી ૧-૦૦ | આ.અનામિકભાઇ શાહ.<br>(ગાંધી અને આત્મનિર્ભરતાની સંકલ્પના) |
| ૨-૩૦ થી ૫-૦૦ | આ.વિદ્યુતભાઇ જોષી.<br>(૨૧મી સદીમાં સ્વાવલંબનનું સ્વરૂપ) |

તા.૨૯/૦૯/૨૦૨૦ મંગળવાર

| | |
|---|---|
| ૧૦-૩૦ થી ૧-૦૦ | આ.સત્યકામ જોષી.<br>(આદીવાસી ઉત્કર્ષ અને ગાંધીજીનું સ્વાવલંબન)<br>આ.રમેશભાઇ સંઘવી.<br>(ખાદી અને વસ્ત્ર સ્વાવલંબન) |
| ૨-૩૦ થી ૫-૦૦ | આ.રાજેન્દ્રભાઇ ખીમાણી.<br>(ગ્રામીણ ભારત – ખેતી અને સ્વાવલંબન)<br>આ.ભરતભાઇ જોશી.<br>(ભારતની શિક્ષણ વ્યવસ્થા અને આત્મનિર્ભરતા)<br>( નઇ તાલીમના સંદર્ભમાં ) |

10. સપ્ટેમ્બર માસનાં સ્વાવલંબન કાર્યો. તા.૦૧/૦૯/૨૦૨૦ મંગળવારથી તા.૩૦/૦૯/૨૦૨૦ બુધવાર.

૧. વિનયમંદિર ઉદ્યોગમાં નીચેના શાકભાજીનું ઉત્પાદન ચાલુ છે.

- કોળી , ગલકી, ભીંડા, દૂધી.

સપ્ટેમ્બર માસમાં ૪૪ કિલોગ્રામ શાકભાજીનું ઉત્પાદન થયું.

૨. ગંગાબા ગૌશાળામાં સપ્ટેમ્બર માસમાં ૧૬૨૩.૩ લિટર દૂધ ઉત્પાદન થયું. તેમાંથી ૪૬૬ લિટરના પેંડા બનાવ્યા ૧૧૬.૮ લિટર કુપનથી દૂધ વેચ્યુ અને ૧૦૪૦.૫ લિટર દૂધ મંડળીમાં વેચાણ કર્યું.

૩. સુરણના પાકની વૃધ્ધિ સારી છે.

૪. ચોમાસુ બાજરી તૈયાર થઇ ગઇ છે. કાપવાની શરૂઆત કરી છે.

૫ કોબીજ, ફલાવરનું ધરૂ નાખ્યું છે.

૬. શિયાળું પાકના વાવેતર માટે તૈયારી શરૂ કરી છે.

- ઘઉં - રાયડો
- શાકભાજીના પાકો.(ટામેટી, રીંગણી, દૂધી, પાલક, મેથી, મૂળા, શક્કરિયાં, ડુંગળી, ગાજર, બીટ.)

૭. લીંબુનું ઉત્પાદન ચાલુ છે.